# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૦ તા.૦૮-૧૨-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તા. ૦૧-૦૧-૨૦૨૪ ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમ્યાન બી.એલ.ઓ.ને મતદાન મથકે હાજર રાખવા બાબત.

સંદર્ભ:- (૧) ઉપસચિવશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગુ.રા., ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ ઈએલઆર/૧૪૨૩/૧૦૫(૨), છ, તા.૦૭-૧૨-૨૦૨૩

(૨) અત્રેની કચેરીના પરિપત્ર નં. ૮૦-એ, તા. ૦૩-૧૧-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, તા. ૦૧-૦૧-૨૦૨૪ ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે તા. ૦૯-૧૨-૨૦૨૩ શનિવારના રોજ ખાસ ઝૂંબેશ દિવસ તરીકે નકકી કરવામાં આવેલ છે.

આ કામગીરી સાથે સંકળાયેલા તમામ બી.એલ.ઓ./ સુપરવાઈઝર તરીકે કામ કરતા મુખ્ય શિક્ષકો/ શિક્ષકો/ સી.આર.સી. કો.ઓ. વગેરેએ આ કામગીરી સમયસર અને કાળજીપૂર્વક પુરી કરવા આથી સુચના આપવામાં આવે છે. શાળાના મુખ્ય શિક્ષકે તા. ૦૯-૧૨-૨૦૨૩ શનિવારના રોજ શાળા ચાલુ હોઈ આ કામગીરી સાથે સંકળાયેલા મુખ્ય શિક્ષક/ શિક્ષકોને બી.એલ.ઓ.ની કામગીરી કરવા માટે મુકત કરવાના રહેશે. તેમની શાળા ફરજ પરની ગેરહાજરી દરમ્યાન શાળા કક્ષાની સુચારૂ વ્યવસ્થા મુખ્ય શિક્ષકશ્રીએ સુનિશ્ચિત કરવાની રહેશે. શાળા સંચાલન બાબતે કોઈ મુશ્કેલી જણાય તો ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીના સંકલનમાં રહી શાળા વ્યવસ્થાપન ગોઠવવું.

તા.૦૮-૧૨-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ELECTION IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

**GUJARAT STATE**

**General Administration Department (Election Division)**
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

**ક્રમાંક:ઈએલઆર/૧૪૨૩/૧૦૫(૨)/છ** **તા.૦૭/૧૨/૨૦૨૩**

**પ્રતિ,**
સર્વે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી

**વિષય: તા.૦૧.૦૧.૨૦૨૪ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ** - ખાસ ઝુંબેશની ફરજ માટે પરવાનગી આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વેના અત્રેના તા.૦૩/૧૧/૨૦૨૩ના સમાનાંકી પત્રથી તા.૨૭/૧૦/૨૦૨૩ (શુક્રવાર)થી તા.૦૯/૧૨/૨૦૨૩(શનિવાર) સુધીના હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવાના સમયગાળા દરમિયાન તા.૦૯/૧૨/૨૦૨૩(શનિવાર)ના રોજ ખાસ ઝુંબેશના દિવસ તરીકે આયોજન કરવા જણાવેલ હતું.

૨. ઉક્ત દિવસ સરકારી કચેરીઓમાં કામકાજ માટેનો ચાલુ દિવસ હોવાથી, બી.એલ.ઓ.ને મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ સંબંધિત ફરજો બજાવવા માટેની પરવાનગી મળી રહે તે બાબત ખાસ સુનિશ્ચિત કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

**(દિલીપ ભાવસાર)**
ઉપસચિવ
મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી
ગુજરાત રાજ્ય

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૦-A તા.૦૩-૧૧-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ -૨૦૨૩ અંતર્ગત મતદાન મથક ખુલ્લા રાખવા બાબત.

સંદર્ભ :- ચીફ ઈલેકશન ઓફિસર તરફથી આવેલ પત્રના અનુસંધાને

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના જણાવ્યા મુજબ તા.૦૧-૦૧-૨૦૨૪ની લાયકાતની તારીખમાં ફોટાવાળી મતદારયાદીના ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત તા.૦૫-૧૧-૨૦૨૩(રવિવાર), તા.૨૬-૧૧-૨૦૨૩(રવિવાર), તા.૦૩-૧૨-૨૦૨૩(રવિવાર) અને તા.૦૯-૧૨-૨૦૨૩(શનિવાર)ના રોજ મતદાન મથકોવાળી શાળાઓ ચાલુ રાખવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૩-૧૧-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE

**Media Cell**

General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 6, 2nd floor, Sachivalay, Gandhinagar-382010

**Date: 02.11.2023** **Press Note No. 12**

# મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-2024 અંતર્ગત ખાસ ઝુંબેશ દિવસની તારીખોમાં ફેરફાર

.........................

## તા.04/11/2023ના બદલે તા.26/11/2023 (રવિવાર) અને તા.02/12/2023ના બદલે તા.09/12/2023 (શનિવાર)ના રોજ યોજાશે ખાસ ઝુંબેશ દિવસ

.......................

## તા.05/11/2023 (રવિવાર) અને તા.03/12/2023 (રવિવાર)ના દિવસોએ ખાસ ઝુંબેશ યથાવત રહેશે

.............................

લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદારો સહભાગી થાય અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.01લી જાન્યુઆરી, 2024ના રોજ 18 વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

રાજ્યભરમાં ખાસ સંક્ષિપ્ત સુધારણાના સમયગાળા દરમિયાન ખાસ ઝૂંબેશ દિવસ તરીકે અગાઉ નિયત કરવામાં આવેલી તા.04/11/2023 અને તા.02/12/2023 એમ બે તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ભારતના ચૂંટણી પંચની સુચના અનુસાર હવે તા.04/11/2023ના બદલે તા.26/11/2023(રવિવાર) તથા તા.02/12/2023ના બદલે તા.09/12/2023 (શનિવાર)ને ખાસ ઝૂંબેશ દિવસ તરીકે નિયત કરવામાં આવ્યો છે. આ સાથે જ ખાસ ઝૂંબેશ દિવસ તરીકે નિયત કરવામાં આવેલા તા.05/11/2023 (રવિવાર) અને તા.03/12/2023 (રવિવાર)ના દિવસોએ ખાસ ઝુંબેશ યથાવત રાખવામાં આવી છે.

આ દિવસે બૂથ લેવલ ઓફિસર્સ સવારે 10.00થી સાંજે 05.00 વાગ્યા દરમિયાન સંબંધિત બૂથ પર હાજર રહેશે અને નાગરિકોને રુબરુ જોવા માટે મતદારયાદી ઉપલબ્ધ કરાવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાત્રતા ધરાવતા યુવાનો અને તેનાથી વધુ વયજૂથ ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે તથા મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચના Voter Helpline App અને VSP ઉપર ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.

..........................................